# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૯/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરની વુમન આંત્રપ્રિન્યોર સેલની બહેનોએ કોવિડ– ૧૯ના દર્દીઓની મુલાકાત લઇ તેઓને વહેલી તકે સારા થવાની હિંમત આપી

### વુમન આંત્રપ્રિન્યોર સેલની બહેનોએ કતારગામના શ્રી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલા કોવિડ કેર આઇસોલેશન સેવા સેન્ટરની મુલાકાત લીધી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા આજરોજ કતારગામ સ્થિત શ્રી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલા કોવિડ કેર આઇસોલેશન સેવા સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી મનિષ કાપડીયાના નેજા હેઠળ વુમન આંત્રપ્રિન્યોર સેલની બહેનોએ કોરોનાના દર્દીઓને વહેલી તકે સારા થઇને ઘરે જવાની હિંમત આપી હતી.

ચેમ્બરની વુમન આંત્રપ્રિન્યોર સેલના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, કોવિડ કેર આઇસોલેશન સેવા સેન્ટરમાં જેમના ઘરે હોમ આઇસોલેશન થઇ શકે તેવી સગવડ ન હોય તેવા દર્દીઓને સારવાર આપવામાં આવે છે. આ દર્દીઓને સારવાર માટે ઓકિસજન બેડ, નર્સિંગ સ્ટાફ, એમ્બ્યુલન્સ અને વેકસીનેશનની સાથે સાથે આરટીપીસીઆર ટેસ્ટ તથા તેઓને જમવા માટે પૌષ્ટિક આહાર વિગેરેની ખૂબ જ સારી સુવિધા કરવામાં આવી છે. કોરોનાના દર્દીઓ માનસિક રીતે સ્વસ્થ રહે તે માટે તેઓનું ગીત – સંગીત દ્વારા મનોરંજન પણ કરવામાં આવે છે. આ સેન્ટરમાં માનદ્ સેવા આપનારા તબીબો પણ દર્દીઓનું ખૂબ જ સારી રીતે ધ્યાન રાખે છે અને રાઉન્ડ ધ કલોક તેઓના આરોગ્યની સંભાળ રાખે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વુમન આંત્રપ્રિન્યોર સેલની સભ્ય વનિતા રાવત, રિતુ રાઠી, સુનિતા જુનેજા નંદવાની, તૃષ્ણા મલિક, પિન્કી વખારીયા, કાજલ ત્રિવેદી, દિપીકા ધૂત, ચંદ્રા સાયનકલ તથા નગરસેવિકા નેન્સી શાહે કોરોનાના દર્દીઓ સાથે વાત પણ કરી હતી. આ આઇસોલેશન સેન્ટરમાં જવાની સિલેકટેડ ગૃપને મેનેજમેન્ટ દ્વારા પરવાનગી આપવામાં આવે છે. શહેરના વિવિધ ગૃપ દ્વારા કોરોનાના દર્દીઓની મુલાકાત લેવામાં આવે અને તેઓની સાથે વાત કરવામાં આવે તો દર્દીઓની માનસિક સ્થિતિ સારી રહે છે અને તેઓને ફરીથી પરિવાર પાસે જવાની હિંમત પણ મળે છે.